# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR VACCINATION

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા ખાતેથી સર્વાઇકલ કેન્સર સામેના રસીકરણ અભિયાનનો આજથી શુભારંભ થયો. અભિયાનનો પ્રારંભ કરાવતા જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલે રસી વિશે ખોટી માન્યતાઓ કે અંધશ્રધ્ધાઓમાં વિશ્વાસ કર્યા વગર મેડિકલ ઓફિસર દ્વારા યોગ્ય માર્ગદર્શન લઈ એચ.પી.વી. રસી લેવા અનુરોધ કર્યો. આ કાર્યક્રમ દરમિયાન કુલ 26 કિશોરીઓને HPV રસી આપવામાં આવી. આ અભિયાન હેઠળ જિલ્લાની અંદાજે 9 હજાર 930 કિશોરીઓને HPV રસી અપાશે.

# WEATHER

માર્ચની શરૂઆતમાં જ ગરમી શરૂ થઇ જાય તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં હવાના ઉચ્ચ દબાણના પગલે આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં 3થી 5 ડિગ્રી વધારાની હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.. સામાન્ય રીતે માર્ચના પહેલા અઠવાડિયામાં તાપમાનમાં ધીમે ધીમે વધારો જોવા મળે છે, પરંતુ આ વર્ષે શરૂઆતથી જ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો નોંધાઈ શકે છે, જેના કારણે લોકોને ઉકળાટ અને મુંઝારાનો અનુભવ કરવો પડી શકે છે.

અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન 34.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતાં 3.5 ડિગ્રી વધુ છે. ઉત્તર ગુજરાતના ડીસામાં રાજ્યનું સૌથી વધુ 36 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જે દર્શાવે છે કે ઉત્તર ગુજરાતમાં ગરમીનો પ્રભાવ વધુ છે.

# MEHSANA VAV

મહેસાણાના પરા વિસ્તારમાં આવેલી એતિહાસિક 72 કોઠાની વાવનું મહાનગરપાલિકા દ્વારા 3 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવીનીકરણ હાથ ધરાયું છે. હાલ 20 જેટલા નિષ્ણાત કારીગરો વાવને મૂળ સ્વરૂપમાં લાવવા માટે કામગીરી કરી રહ્યા છે. વાવના સમારકામમાં ચુનો તેમજ ગોળ, મેથી અને અડદના પાણીથી નવીનીકરણ કરાશે તેમ પ્રોજેક્ટ મેનેજર સંજય ભટ્ટે જણાવ્યું હતું.

# BOTAD MELO

બોટાદ નગરપાલિકા દ્વારા આજે સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો. જેમાં 50 જેટલા સ્ટોલ ઉભા કરાયા છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠા જોટાણીયાએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ લોકોને સ્વદેશી ચીજ ખરીદવા અપીલ કરી હતી.

**(બાઈટ : ધર્મિષ્ઠાબેન જોટાણીયા – પ્રમુખ)**

# AMRELI ACCIDENT

અમરેલીના લીલીયાના ગુંદરણ પાસે અજાણ્યા વાહન અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ત્રણ લોકોના મોત થયા છે. મોડી રાત્રે બનેલી આ ઘટનામાં 2 યુવાનો અને એક 6 વર્ષના બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે એક  વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા.

# HOLI DAHAN SAMAY

આજે હોળીની ઉજવણી કરવામાં આવશે.. આવતીકાલના ચંદ્રગ્રહણને કારણે આજે હોળી પ્રગટાવવામાં આવશે.. ત્યારે યાત્રાધામ અને પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે પરંપરાગત રીતે હોળી દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. હોળી દહનનો કાર્યક્રમ સાંજે 6:30 કલાકે શરૂ થશે. આ પવિત્ર અવસરે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના કરવામાં આવશે. મંગળવારે ચંદ્રગ્રહણ હોવાને કારણે ધાર્મિક ગણતરી મુજબ ધૂળેટીનો પર્વ બુધવારે મનાવવામાં આવશે. ગ્રહણના વેધને ધ્યાનમાં રાખીને મંદિરમાં દર્શનના સમય અને ધાર્મિક વિધિઓમાં જરૂરી ફેરફાર પણ કરવામાં આવ્યા છે. જ્યારે પંચમહાલ જિલ્લાના પાવાગઢ મહાકાળી માતાજી મંદિર ખાતે મંગળવારે ચંદ્રગ્રહણ નિમિત્તે મંદિર દિવસભર બંધ રહેશે. પૂનમે સવારે 5 વાગ્યે આરતી બાદ 6 વાગ્યા સુધી જ દર્શન થઇ શકશે. ત્યારબાદ મંદિર બંધ રહેશે. 4 માર્ચ બુધવારથી નિયમિત દર્શન શરૂ થશે. જ્યારે 2 માર્ચે સાંજે 6 વાગ્યે હોળી પ્રગટાવી અને 7 વાગ્યે વિશેષ આરતી યોજાશે. વર્ષોની પરંપરા અનુસાર પાવાગઢ ખાતે હોળી પ્રખ્યા બાદ આસપાસના ગામોમાં હોળી પ્રગટાવાશે. અમદાવાદના જગન્નાથ મંદિરમાં આવતીકાલે સવારે દસ વાગે ફૂલ ડોલોત્સવની ઉજવણી કરાશે.

# KHEDA DAKOR

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ ડાકોર મંદિરે આજે ફાગણી પૂનમ નિમિત્તે વહેલી સવારે રાજા રણછોડની મંગળા આરતી થઈ. જય રણછોડના નાથ સાથે વૈષ્ણવો અને શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું. પૂનમ નિમિત્તે સમગ્ર મંદિરને રંગબેરંગી લાઈટ સાથે સુશોભિત કરાયું છે.

ઉલ્લેખનીય છે ફાગણ સુદ અગિયારસ થી ફાગણ સુદ પૂનમ સુધીનો પાંચ દિવસ માટે ઉજવાતો ઉત્સવ ફાગણી પૂનમ ઉત્સવ કહેવાય છે આ અરમિયાં ભક્તો પદયાત્રા કરી ડાકોરના રાજા રણછોડના દર્શને આવે છે.

# MEHSUL PANCH VACATION

ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા આગામી 11 મે થી 7 જૂન દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરાયું છે. ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની યાદીમાં જણાવ્યા અનુસાર આ વેકેશન દરમિયાન અરજન્ટ સુનાવણીના કેસો જે કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરાશે નહીં.

વધુમાં,આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો રહેશે.